
વા.લ. રૂ. ૧૦૦/–
વા. સ. રૂ. ૧૦૦/–

# સત્યાન્વેષણ

SATYASHODHAK SABHA, SURAT ૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ Vol. 17 No.1

# ભાગલા પાડતો અશાંત ધારો




નેટ પર તમને ચોક્કસ વાંચવા મળશે :
www.satyashodhaksabha.com પર જાઓ.

# સત્યશોધક સભાના સત્યશોધન માટેના પ્રયત્નો

**(૧) સત્યશોધક સભાનો બાગમાં કાર્યક્રમ :**

સુરતના સીટી લાઈટ વીસ્તારમાંના બાગમાં તા. ૧૧-૧૨-૨૨ના રોજ ચમત્કાર નીદર્શન અને વીજ્ઞાનની સમજ આપતો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. મંત્રીશ્રી ડો. સુષ્મા ઐય્યરે સૌને આવકારતા જણાવ્યું હતું કે આપણે આરોગ્યની બાબતમાં વૈજ્ઞાનીક વલણ અપનાવવું જોઈએ. આમ કરવાથી આપણે વધારે તંદુરસ્ત અને આનંદના ભાગીદાર બનીશું. પ્રમુખ સુર્યકાન્ત શાહે ડો. સષ્મા ઐય્યરે ખુલ્લા બાગમાં કાર્યક્રમ યોજવા બદલ અભીનંદન આપ્યા હતા. એમણે વધુમાં જણાવ્યું કે જે રુઢી નુકસાનકારક હોય, અને વીજ્ઞાનવીરોધી હોય તેનો ત્યાગ કરવો જોઈએ.

આ પ્રસંગે ડો. ઉપા વલાદરાએ જીવનમાં પહેલું સ્થાન આરોગ્યની જાળવણીને આપવાનો આગ્રહ કર્યો હતો. એમણે વધુમાં જણાવ્યું કે આપણા રોજબરોજના જીવનમાં જ આપણે સતર્ક રહેવું જોઈએ. આ રોજબરોજના જીવનમાં જ આરોગ્ય વધે એવી ટેવો પાડવી જોઈએ.

ઉપપ્રમુખ મનસુખ નારીયાએ વીજ્ઞાનની સંકલ્પના સમજાવતા કહ્યું કે આપણી આજુબાજુ જે બની રહ્યું છે તેને ખુલ્લા મનથી તપાસશો એટલે કોઈને પણ વીજ્ઞાન સમજાવા માંડશે. ખુલ્લી તપેલીમાં ખોરાક રાંધવાને બદલે પ્રેસર કુકરમાં શા માટે રાંધવાનું શરુ થયું ? ઉદાહરણ તરીકે આ એક સવાલ છે. એવા અનેક સવાલો આજુબાજુના બનાવોને સ્પર્શના પૂછી શકાય. પૂછીને ત્યાં અટકો નહીં ! પુછેલાં, 'શું છે ?' શા માટે છે ? કેવી રીતે બને છે ?' જેવા સવાલોમાં જવાબ ખુલ્લા મને જાતે શોધો. આ તમારા સવાલ અને તમે જ નકકી કરેલા જવાબમાં તમે જોજો કે જે ઘટના બની છે તેના સાચાં કારણ શોધવાને તમે યત્ન કર્યો છે. આ જ વીજ્ઞાન !

ત્યારબાદ જેની શ્રોતાઓ રાહ જોઈ રહયા હતા તે ચમત્કાર નીદર્શનનો કાર્યક્રમ શરુ થયો. મંત્રીશ્રી જાદવ વેકરીયાએ સાધુ-મૌલવીઓ જેને 'ચમત્કાર' માં ખપાવે છે તે ચમત્કાર હોતા જ નથી, પરંતુ એની પાછળ કોઈને કોઈ વૈજ્ઞાનક નીયમ અથવા હાથચાલાકી કામ કરે છે તે ડઝનેક પ્રયોગો કરીને શ્રોતાઓને સમજાવ્યું. શ્રોતાઓએ અને તેમાંયે બાળકોએ જાદવની વાતો ખુબ રસપુર્વક સાંભળી. એમાંના વૈજ્ઞાનીક તથ્યને સમજવા કોશીશ કરી.

સહમંત્રી સુગીત પાઠકજીએ સૌનો આભાર  માન્યો હતો. એમણે વધુમાં જણાવ્યું કે આખરે  તો આપણે સૌએ આપણી વીચારસરણી બદલવાની છે. એને વૈજ્ઞાનીક અભીગમ ધરાવતી બનાવવાની છે. રાષ્ટ્રગીત ગાઈને સૌ છુટા પડયા હતા. ડો. પ્રદીપ માર્ટીન અને ડો. સુષ્મા ઐય્યર તરફથી સૌને અલ્પાહાર કરાવવામાં આવ્યો હતો.

# સત્યાન્વેષણ

મુખ્ય સંપાદક

સુર્યકાન્ત શાહ

બી. એ. પરીખ
સુગીત પાઠકજી

સંપાદક મંડળ

ડો. સુષ્મા ઐય્યર

મનસુખ નારીયા
જનક બાબરીયા

૧૫ જાન્યુઆરી, ૨૦૨૩ | સળંગ અંક : ૩૭૪ | Vol. 17 No. 1

('સત્યાન્વેષણ' ઉંઝા જોડણીમાં તૈયાર થાય છે, સીવાય કે લેખકની તે માટે અનીચ્છા હોય.)


## ભાગલા પાડતો અશાંત ધારો

**–સુર્યકાન્ત શાહ**

સમગ્ર વીશ્વની એ કરુણતા છે કે એના પ્રત્યેક દેશમાં બહુમતી-લઘુમતીનું વીભાજન ધર્મના આધારે થાય છે. ધર્મ પોતે જ એક સમાજવીરોધી તત્ત્વ છે. આવા સમાજવીરોધી તત્ત્વના આધારે પ્રજાના બહુમતી-લઘુમતી જેવા વીભાજન કરવામાં આવે તો તે સમાજવીરોધી પરીબળોને ઉત્તેજન આપે છે. સમાજમાં જો માનવવાદનો આવીષ્કાર વધારે ને વધારે કરવાનો હોય તો આર્થીક દષ્ટીએ ગરીબ, માધ્યમ અને શ્રીમંત વર્ગો કે સમાજમાં મોભાભર્યું સ્થાન ભોગવતા સવર્ણ અને અપમાનીત દલીત વર્ગ જેવાં વર્ગીકરણ કરવા જોઈએ. માત્ર વર્ગીકરણ જ કરવાનું. એમાંથી વીભાજન નહીં કરવાનું. વર્ગીકરણ પણ એ હેતુથી કરવાનું કે ગરીબાઈ દુર થાય કે અપમાનીતોનાં અપમાન ઓછાં થાય. દરેક રેશનાલીસ્ટે આ દીશામાં કામ કરવાનું હોય.

વાસ્તવીકતા એ છે કે ધર્મના આધારે બહુમતીના-લઘુમતીના વીભાજન થાય છે. કોઈ પણ સરકારે એ જોવાનું છે કે આ વીભાજનમાંથી પેદા થતી કડવાશને કોઈ સ્થાન રહે નહીં. ધાર્મીક દેશોમાં પણ સરકારની એ ફરજ થઈ જ પડે છે કે આવી કડવાશ પેદા થાય નહીં. બીનસાંપ્રદાયીક દેશોની સરકારોએ આનું એ અનીવાર્યપણે પાલન કરવાનું છે. આ ફરજનું


**ભારતીય બંધારણની ૫૧ એ (એચ) કલમ મુજબ વીજ્ઞાન અને વૈજ્ઞાનીક અભીગમનો પ્રસાર કરવા સત્યશોધક સભા 'સત્યાન્વેષણ'નું પ્રકાશન કરે છે. એમાં કોઈ પણ ધર્મ, જ્ઞાતી કે જાતીની લાગણી દુભાવવાનો ઈરાદો નથી. -સંપાદક મંડળ**

પાલન કરવા માટેના કાયદા ઘડાવા જોઈએ. આ સંદર્ભે ગુજરાતમાં જે કાયદો 'અશાંત ધારા'થી ઓળખાય છે તેને મુલવીએ તો તારણ એવું આવે છે કે આ ધારા થકી બહુમતી-લઘુમતી વચ્ચે વૈમનસ્વ વધે છે. એમની વચ્ચે ભાગલા પડે છે. દરેક વીસ્તારમાં બધા જ ધર્મોવાળા, પ્રાંતોવાળા, ભાષાવાળા સાથે સાથે રહે તો જ એમની વચ્ચે મનમેળ થાય. દરેક વીસ્તાર એક નાનકડું ભારત બની જાય ! આ જ સબબે આંતરજ્ઞાતીય, આંતરધર્મીય, આંતરરાષ્ટ્રીય લગ્નો થવા જોઈએ. અલબત્ત, આવાં લગ્નો બે પુખ્ત વયનાનાં અને પરસ્પરની મુકત સંમતીથી થવા જેઈએ. આવા પ્રકારનાં પગલાં 'એક ભારત એક સમાજ' અને આગળ વધીને 'વૈશ્વીક સમાજ' બનાવે.

અશાંત ધારાનું અસ્તીત્વ પોતે જ ગુજરાતનો સમાજ વીભાજીત હોવાનું તો ઘોષીત કરે જ છે, પરંતુ આગળ વધીને સમાજને વધારે વીભાજીત પણ કરે છે. આ પછી પણ અશાંત ધારાની કલમોનો અભ્યાસ કરવામાં આવે તો એક અચરજ થાય છે કે ધારો તો ખરો જ, પરંતુ એના નામે ગેરકાયદેસરનો થતો અમલ સમાજને વધારે ને વધારે વીભાજીત કરે છે. કાયદામાં સૌથી મહત્ત્વની એ જોગવાઈ છે કે તે વીસ્તારને જ 'અશાંત' જાહેર કરી શકાય કે જયાં નજીકના ભુતકાળમાં કોમી હુલ્લડો થયાં હોય. ઉપરાંત, તેવી જાહેરાત સામાન્યતઃ પાંચ વર્ષથી વધારે સમય માટે તો નહીં જ કરાય. અસાધારણ બનેલા અશાંત વીસ્તારોને પણ દશ વર્ષથી વધારે 'અશાંત' તો જાહેર કરી શકાય જ નહીં. એક બાજુ ગુજરાત સરકાર પોતાની કેટલીક સીદ્ધીઓમાં એક સીદ્ધી એ ગણાવે છે કે પોતે ગુજરાતમાં દશ વર્ષથી વધારે સમયથી સત્તા પર છે. એના બે દાયકાથી વધારે ચાલતા શાસનમાં એક પણ કોમી હુલ્લડ થયું નથી. બીજી બાજુ ગુજરાત સરકાર નવા ને નવા વીસ્તારોને 'અશાંત' જાહેર કરતી જાય છે ! જુના 'અશાંત' જાહેર થયેલા વીસ્તારોને કોમી હુલ્લડના કશાયે આધાર વીના વધુ ને વધુ સમય માટે 'અશાંત' જાહેર કરે છે ! સવાલ થાય કે સાચું શું ?' શું ગુજરાત કોમી હુલ્લડોથી મુકત છે, કે જે સરકારનો દાવો છે; કે વધુને વધુ કોમી હુલ્લડો થઈ રહયા છે, કે જે વધતા જતા 'અશાંત' વીસ્તારો દર્શાવે છે ! બીનસાંપ્રદાયીક બંધારણને વરેલી અને પોતાના જ કાયદાનું અનુશાસન કરવા સત્તા સંભાળતી ગુજરાત સરકારે અશાંત ધારાનું ખોટું અર્થઘટન કરી સમાજ વધારે ને વધારે વીભાજીત થાય તેવાં પગલાં લે છે. આપણે રૅશનાલીસ્ટોએ બરાબર સમજવું જોઈએ કે સરકારની આ નીતી આપણા સમાજને જોડવાને બદલે એમાં નફરતના ઉન્માદને વધારે છે. સમાજ રૅશનાલીઝમને સ્વીકારે તે આડે આ એક બહુ મોટુ વીઘ્ન છે. આ વીઘ્ન આપણને માનવવાદ તરફ જતા પણ રોકે છે.

# મળવાના ફાયદા

**–તંત્રી લેખ**

એકસો વર્ષથી પણ વધારે સમય પહેલાં નર્મદે મંડળી બનાવવાના ફાયદા સમજાવેલા. મંડળી એટલા માટે બનાવવાની કે જેથી સમવીચારકો અને કર્મશીલો મળતા રહે. માત્ર મંડળી બનાવવાથી કોઈ ફાયદો થતો નથી. મંડળી બનાવ્યા પછી સભ્યોએ પોતે વારંવાર બહારના નાગરીકોને મળવાનું હોય. એમને મંડળી સ્થાપનાના વીચારો-આદર્શથી અવગત કરાવવાના હોય. એમાંથી જે સંમત થાય તે મંડળીના સભ્ય બને, અને અનુકુળતા હોય તો કાર્યરત પણ થાય. આથી મળવાનું અને તંદુરસ્ત ચર્ચા કરવાનું ખુબ જરુરી છે.

આપણે રેશનાલીસ્ટો પોતપોતાના સ્થળે વૈયકતીક રીતે, સમુહમાં અને સુરતની સત્યશોધક સભાની જેમ રજીસ્ટર્ડ સંસ્થાના નેજા હેઠળ સમાજને ઢંઢોળવા માટે કોઈને કોઈ પ્રવૃત્તી કર્યા જ કરીએ છીએ. એ સૌ અભીનંદનને પાત્ર છે. એમનાં પોતીકાં અવલોકનો અને અનુભવો અને તેના પરીપાક સ્વરુપ ચીંતન હોવાનાં જ. તેઓ મળે અને પોતપોતાના, ખાસ કરીને ચીંતનની પરસ્પર આપ-લે કરે તો સમાજને રેશનલ બનાવવાની દીશામાં ખુબ જરુરી એવી રેશનાલીસ્ટોની સ્પષ્ટ સમજ એમાંથી પેદા થવાની સંભવીતતા વધી જાય છે. આપણે આપણા જ વીચારોને સ્પષ્ટ કરીએ, એને ચકાસીએ અને છેવટે એમાં જો કચાશ-ખામી માલુમ પડે તો એને દુર કરીએ તો આપણે સ્વયંભુ એક સક્રીય અને જોરદાર સ્વયંસેવક બની જઈશું.

રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત ગોધરાના ડૉ. સુજત વલી આ બાબત બરાબર સમજે છે. તેમના પ્રત્યેક રકતકણમાં જાણે રેશનાલીઝમ સમાયું હોય એવું માલુમ પડે છે. સૌ રેશનાલીસ્ટોને વધારે જોમથી અને સ્પષ્ટ વીચારસરણી થકી સમાજને રેશનાલીઝમથી પરીચીત કરાવવો જોઈએ એવું તેઓ દ્રઢપણે માને છે. આથી એમણે મુંબઈ અને ગુજરાતના રેશનાલીસ્ટોના મંડળ અને પોતાના હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશનના નેજા હેઠળ તા. ૨૮-૨૯ જાન્યુઆરીએ ગોધરામાં રેશનાલીસ્ટોનું સંમેલન બોલાવ્યું છે. એની વીગતો આ અંકમાં અન્યત્ર આપી છે. તેમાં માત્ર ૧૦૦ ડેલીગેટોને સમાવવામાં આવશે. 'વહેલો તે પહેલો' ના ધોરણે નોંધણી થશે. આથી જે વાચકમીત્ર આ સંમેલનમાં આવી રેશનાલીઝમ વીશે પોતાના અને અન્યોના ચીંતનના ભાગીદાર બનશે તો આપણે વધારે સ્પષ્ટ બની પોતપોતાના ક્ષેત્રમાં વધારે કાર્યરત બનીશું.

આપણને કેટલીક વાર સંતોષના ઓડકાર આવે છે. ખાસ કરીને રેશનાલીઝમ પરના સાહીત્યને વાંચીને એવા તારણ પર આપણે આવી જઈએ છીએ કે આપણે રેશનાલીઝમના

મર્મને બરાબર સમજી લીધો છે. આથી હવે એના પર થતા પીસ્તપેષણમાં હાજર રહેવાની જરુર નથી. કોઈપણ તત્ત્વની સમજનું છેલ્લું સ્ટેશન હોતું જ નથી. જ્ઞાન-વીજ્ઞાન-રેશનાલીઝમ તો પોતે જ અનંત યાત્રા છે. એમાં રોજેરોજ કંઈ ને કંઈ નવું ઉમેરાય છે. જુનાને કયાં તો સુધારવામાં આવે છે અથવા છોડી દેવામાં આવે છે. એની સાથે સાથે કર્મશીલોના ભુમીગત અનુભવો જાણવાના મળે તો આપણે મેળવેલ સમજમાં ઘણો વધારો થાય છે, અને વધારે સ્પષ્ટતા આવે છે. આથી શકય હોય ત્યાં સુધી મીત્રોએ આવા સંમેલનોમાં ભાગ લેવો જોઈએ. 'સત્યાન્વેષણ'નું સંપાદક મંડળ ઈચ્છે છે કે એના વાચકોમાંથી ગણનાપાત્ર વાચકો એમાં ભાગ લેશે.

## આપણા અસ્તીત્ત્વનો સૌથી મોટો ખતરો કયો ?

આ સવાલનો જવાબ આપતા હોકીંગ જણાવે છે કે પૃથ્વીના કોઈ મોટા અવકાશ પદાર્થ સાથેની અથડામણ આપણા સૌના અસ્તીત્વને પળભરમાં પુરું કરી શકે. આજથી છ કરોડ અને સાંઠ લાખ વર્ષ પુર્વે આવો શકતીશાળી અવકાશી પદાર્થ પૃથ્વી સાથે અફળાયો હતો. પરીણામે ડીનોસાર અને તેના જેવી જીવ સૃષ્ટીનો નાશ થયો હતો. અત્યારે ખગોળશાસ્ત્રીઓનાં અવલોકન અને ગણતરી મુજબ નજીકના ભવીષ્યમાં આવો કોઈ ખતરો થાય એવું લાગતું નથી.

બીજો ખતરો જળવાયુમાં થતા ફેરફારોનું છે. આ ખતરો નજીકના ભવીષ્યમાં એનો પરચો બતાવશે. સાગરોના પાણીનું તાપમાન વધતું જાય છે. હીમપર્વતો ઓગળતા જાય છે. એમાંથી ખુબ મોટા પ્રમાણમાં કાર્બન ડાયોકસાઈડ છુટવા માંડયો છે. આ બન્ને પરીબળો અંતે આપણી પૃથ્વીના શુક્ર પર છે તેટલું ૨૫૦ સેલ્સીયસ ડીગ્રી જેટલું કરી નાંખશે, ને કોઈપણ જીવને જીવવા દેશે નહીં.

## અપીલ

**ગુજરાતીભાષીઓ માટે રેશનાલીઝમ પર ચીંતન કરતું એક માત્ર 'સત્યાન્વેષણ' માસીક છે. માત્ર ગુજરાત-મુંબઈમાં જ નહીં, પરંતુ અન્યત્ર પણ ગુજરાતીભાષીઓ વસે છે. એ સૌને અપીલ કરવાની કે આપ સૌ 'સત્યાન્વેષણ'ના વાચક બનો. પ્રવર્તમાન વાચકોને પણ વીનંતી કે તેઓ દરેક બીજા પાંચ વાચકો બનાવી આપે. આપણું 'સત્યાન્વેષણ' દરેક મહીનાની પંદરમીએ નીયમીતપણે બહાર પડે છે. એનું વાર્ષીક લવાજમ રૂા. ૨૦૦/- અને આજીવન રૂા. ૨૦૦૦/- છે. મ. ઓ.થી કે સત્યશોધક સભાના બેન્ક ઓફ બરોડાના ખાતામાં સીધા જમા કરાવી શકાય છે. સત્યશોધક સભાને આપવામાં આવતું દાન આવકવેરામાં રાહતને પાત્ર છે.**

***દરેક 'સત્યાન્વેષણ'ના પહેલા ટાઈટલ પર વાચકોને જણાવવામાં આવે છે કે 'સત્યાન્વેષણ' www.satyashodhak sabha.com પર વાંચવા મળશે. ઉપરાંત જો વાચક એનો મોબાઈલ નંબર અને ઈ-મેઈલ એડ્રેસ આપશે તો એને આ જ લવાજમ હેઠળ PDF મોકલવામાં આવશે.**

# ‘સત્યના પ્રયોગો’ માં ગાંધીજીનું સત્યાન્વેષણ

મારા જીવનમાં એવા બનાવો બન્યા જ કર્યા છે કે જે વડે હું અનેક ધર્મીઓના અને અનેક જાતીઓના ગાઢ પરીચયમાં આવી શકયો છું. એ બધાઓના અનુભવો પરથી એમ કહી શકાય કે મેં સગાં અને પરાયાં, દેશી અને પરદેશી, ગોરા અને કાળા, હીંદુ અને મુસલમાન અથવા ખ્રીસ્તી, પારસી કે યહુદી વચ્ચે ભેદ નથી જાણ્યો. મારું હૃદય એવા ભેદને ઓળખી જ નથી શકયું એમ કહી શકું છું.

* * *

હું તો જેવો પેમાળ તેવો ઘાતકી પતી હતો. મને પોતાને હું તેનો શીક્ષક પણ માનતો ને તેથી મારા અંધ પ્રેમને વશ થઈ સારી પેઠે પજવતો.

કસ્તુરબાઈ બોલી : ‘તમને તો લાજ નથી. મને છે. જરા તો શરમાઓ. હું બહાર નીકળીને કયાં જવાની હતી ? અહીં માબાપ નથી કે ત્યાં જાઉં. હું બાયડી થઈ એટલે મારે તમારા ધુંબા ખાવા જ રહ્યા. હવે લજવાઓ ને બારણું બંધ કરો. કોઈ જોશે તો બેમાંથી એકે નહીં શોભીએ.’

* * *

આત્મકથા માત્રની ઈતીહાસ તરીકેની અપુર્ણતા ને તેની મુશ્કેલીઓ વીશે મેં પુર્વે વાંચેલું તેનો અર્થ આજે હું વધારે સમજું છું. સત્યના પ્રયોગોની આત્મકથામાં જેટલું મને યાદ છે તેટલું બધુંય હું નથી જ આપતો એ હું જાણું છું. સત્યને દર્શાવવા સારુ મારે કેટલું આપવું જોઈએ એની કોને ખબર ? અથવા એક તરફી અધૂરા પુરાવાની કીંમત ન્યાયમંદીરમાં શી અંકાય ? લખાયેલાં પ્રકરણો ઉપર કોઈ નવરો મારી ઊલટતપાસ કરવા બેસે તો કેટલું બધું અજવાળું આ પ્રકરણો ઉપર પાડે ? અને જો વળી તે ટીકાકારની દષ્ટીએ તપાસ કરે તઓ કેવાં ‘પોકળો’ પ્રકટ કરી જગતને હસાવે ને પોતે ફુલાય !

* * *

જ્યારે બોઅર-બ્રીટીશ યુદ્ધ શરુ થયું ત્યારે મારું ઘર ભરેલું છતાં મેં જોહાનીસબર્ગથી આવેલા બે અંગ્રેજોને સંઘર્યા. બંને થીયોસોફીસ્ટ હતા. તેમાંના એકનું નામ કીચન હતું. જેમનો પ્રસંગ આપણને હવે પછી પણ કરવો પડશે. આ મીત્રોના સહવાસે પણ ધર્મપત્નીને તો રડાવી જ હતી.

* * *

સત્યની વીચારસરણી સાચી હોય તો દુનીયાનાં કેટલાં વર્તમાનપત્રો નભી શકે ? પણ નકામાંને બંધ કોણ કરે ? કોણ કોને નકામું ગણે ? કામનું ને નકામું સાથે સાથે ચાલ્યા જ કરવાનાં. તેમાંથી મનુષ્યે પોતાની પસંદગી કરવાની રહી.

* * *

હીંદુઓની જેમ યહુદીઓ પોતાને ઈશ્વરના માનીતા ને બીજાને અણમાનીતા ગણીને તે ગુનાની શીક્ષા વીચીત્ર રીતે અને અઘટીત રીતે પામ્યા. લગભગ તે જ રીતે હીંદુઓએ પણ પોતાને સંસ્કૃત કે આર્ય માની પોતાના જ એક અંગને પ્રાકૃત, અનાર્ય કે ઢેડ માન્યું છે. તેના પાપનું ફળ વીચીત્ર રીતે, ને ભલે અણઘટતી રીતે, દક્ષીણ આફ્રીકા ઈત્યાદી સંસ્થાનોમાં તેઓ મેળવી રહ્યા છે, ને તેમાં તેમના પડોશી મુસલમાન, પારસી જેઓ તેમના જ રંગના ને દેશના છે તે પણ સંડોવાયા છે એવી મારી માન્યતા છે.

* * *

જખમો, તાવ, અજીર્ણ, કમળો ઈત્યાદી દર્દોને સારુ માટીના, પાણીના ને અપવાસના પ્રયોગો નાનાંમોટાં, સ્ત્રીપુરુષો ઉપર કર્યા અને ઘણાખરા સફળ થયા. આમ જાતાં જે હીંમત મને દક્ષીણ આફ્રીકામાં હતી તે અહીં નથી રહી અને અનુભવે એમ પણ જોયું છે કે આ પ્રયોગોમાં જોખમો રહ્યાં જ છે. આ પ્રયોગોના વર્ણનનો હેતુ મારા પ્રયોગોની સફળતા સીદ્ધ કરવાનો નથી.

* * *

જેની સાથે હૃદયની ગાંઠ બંધાઈ તેનો વીયોગ કેવળ દ્રવ્યને અભાવે ભોગવવો એ અયોગ્ય ગણાય. તમારે હીસાબે તો ગરીબ કોઈ પરણી જ ન શકે. વળી હવે તમે તો મારી સાથે રહો છો એટલે ઘરખરચનો સવાલ નથી. તમે વહેલા પરણો એ જ હું તો ઈષ્ટ માનું છું.'

મારે પોલાકની સાથે બે વાર દલીલ કરવાપણું કદી રહ્યું નથી. તેમણે તુરત મારી દલીલ ઝીલી લીધી. ભાવી મીસીસ પોલાક તો વીલાયતમાં હતા. તેમની સાથે પત્રવ્યવહાર ચાલાવ્યો. તેઓ રાજી થયા, ને થોડા જ માસમાં વીવાહ કરવા જોહાનીસબર્ગમાં આવી પહોંચ્યાં.

વીવાહમાં ખર્ચ તો કંઈ જ કર્યું નહોતું. વીવાહનો કંઈ ખાસ પોશાક પણ નહોતો. એમને ધર્મવીધીની ગરજ નહોતી. મીસીસ પોલાક જન્મે ખ્રીસ્તી ને પોલાક યહુદી હતા. બંનેની વચ્ચે જે સામાન્ય દાર્મ હતો તે નીતીધર્મ હતો.

* * *

આજ લગી થોડા ઘણા પણ પરીચીત ગોરા પુરુષો મારી સાથે રહેલા. હવે એક પરીચય વીનાની અંગ્રેજ બાઈ કુટુંબમાં દાખલ થઈ. મને પોતાને તો કોઈ દીવસ કશો વીખવાદ થયો હોય એવું યાદ નથી. પણ જ્યાં અનેક જાતીના અને સ્વભાવના હીંદીઓ આવજા કરતા, જ્યાં મારી પત્નીને હજુ આવા અનુભવ જુજ હતાં, ત્યાં તેમને બંનેને કોઈ વાર ઉદ્વેગના પ્રસંગો આવ્યા હશે. પણ એક જ જાતીના કુટુંબને તેવા પ્રસંગો જેટલા આવે તેના કરતાં આ વીજાતીય કુટુંબને વધારે તો આવ્યા નથી જ. બલ્કે, જે આવ્યાનું મને સ્મરણ છે તે પણ નજીવા ગણાય. સજાતીય વીજાતીય મનના તરંગો છે. આપણે સૌ એક કુટુંબ જ છીએ.

અંગ્રેજી સલ્તનતને તે કાળે હું જગતનું કલ્યાણ કરનારી સલ્તનત માનતો. મારી વફાદારી હાર્દીક હતી. તે સલ્તનતનો ક્ષય હું ન ઈચ્છતો એટલે બળ વાપરવા વીશેની નીતીઅનીતીનો વીચાર મારા પગલામાં મને રોકે તેમ નહોતું. નાતાલ ઉપર આપત્તી આવે તો તેની પાસે રક્ષાને સારુ સ્વયંસેવકોનું લશ્કર હતું. ને આપત્તી વેળાએ તેમાં કામ પુરતી ભરતી પણ થાય. મેં વાંચ્યું કે સ્વયંસેવકોનું લશ્કર આ બળવો શમાવવા નીકળી પડયું હતું.

* * *

મને કાયીક બ્રહ્મચર્યના પાલનમાં પણ મહાકષ્ટ વેઠવું પડયું છે. અત્યારે એમ કહી શકાય કે તેને વીશે હું નીર્ભય બન્યો છું. પણ મારા વીચારોની ઉપર જે જય મારે મેળવવો જોઈએ તેમને મળી શકયો નથી. મારા પ્રયત્નમાં ન્યુનતા હોય એમ મને લાગતું નથી. પણ કયાંથી અને કઈ રીતે આપણને ન ઈચ્છીએ તે વીચારો આપણા પર ચડાઈ કરે છે તે હું હજુ જાણી નથી શકયો. વીચારોને પણ રોકવાની ચાવી મનુષ્યની પાસે છે એ વીશે મને શંકા નથી.

* * *

આ મહત્ત્વના પ્રયોગનો આરંભ ટોલ્સ્ટોય આશ્રમમાં થયો. ત્યાં સત્યાગ્રહી કેદીઓનાં કુટુંબો સાચવીને કેલનબેક અને હું રહેતા. આમાં બાળકો અને નવયુવકો પણ હતાં. તેમને અર્થે નીશાળ ચાલતી. આ જુવાનીયાઓમાં ચાર-પાંચ મુસલમાન હતા. તેમને ઈસ્લામના નીયમો પાળવામાં હું મદદ કરતો ને ઉત્તેજન આપતો. નમાજ વગેરેની સગવડ કરી આપતો. આશ્રમમાં પારસીઓ અને ખ્રીસ્તીઓ પણ હતા. આ બધાને પોતપોતાના ધર્મ પ્રમાણે ચાલવાનું પ્રોત્સાહન આપવાનો નીયમ હતો. એટલે આ મુસલમાન નવયુવકોને રોજા રાખવામાં મેં ઉત્તેજન આપ્યું. મારે તો પ્રદોષ રાખવા જ હતા. પણ હીંદુઓ, પારસીઓ અને ખ્રીસ્તીઓને પણ મુસલમાન યુવકોને સાથ આપવાની મેં ભલામણ કરી.

* * *

હકીકતમાં જે વીચાર શ્રેણીને વશ થઈ હું બોઅર યુદ્ધમાં પડયો હતો તેનો જ ઉપયોગ આ વેળા પણ કર્યો હતો. યુદ્ધમાં ભાગ લેવો એ અહીંસાની સાથે ગડ બેસે તેવું નથી એ હું બરાબર જાણતો હતો. પણ કર્તવ્યનું ભાન થવું એ હમેશાં દીવા જેવું સ્પષ્ટ નથી હોતું. સત્યના પૂજારીને ઘણી વેળા ગોથાં ખાવાં પડે છે.

* * *

અહીંસા વ્યાપક વસ્તુ છે. હીંસાની હોળીની વચ્ચે સપડાયેલા આપણે પામર પ્રાણી છીએ. 'જીવ જીવની ઉપર જીવે છે.' એ ખોટું વાકય નથી. મનુષ્ય એક ક્ષણ પણ બાહ્ય હીંસા વીના નથી જીવી શકતો. ખાતાપીતા, બેસતા ઊઠતા, બધી ક્રીયાઓમાં, ઈચ્છા અનીચ્છાએ કંઈક હીંસા તે કર્યા જ કરે છે.

## અંકુશ પર આધારીત

હોકીંગ કહે છે કે એ ટેકનોલોજીની કલ્પના કરી શકાય કે જે નાણાં બજારની ચતુરાઈને બાજુ પર મુકી દે, માનવ સંશોધકોને સંશોધન શકતીની બાબતમાં પાછળ મુકી દે અને એવાં હથીયારો બને કે જેની કામગીરી સમજી નહીં શકાય. આ સંદર્ભે એવું આશ્વાસન લઈ શકાય કે કૃત્રીમ બુદ્ધીમતા પર ટુંકા સમયગાળા માટે અંકુશ રાખી શકાશે. જે એ અંકુશ રાખી શકશે એની ઈચ્છા પ્રમાણે કૃત્રીમ બુદ્ધીમત્તાની અસર પડશે. લાંબે ગાળે તો એની અસરનો ત્યારે જ વીચાર કરી શકાશે કે એ આખરે આપણા અંકુશમાં રહે. જો એ અંકુશમાં જ નહીં રહેશે તો એની અસરની કોઈ કલ્પના કરી શકાતી નથી. આ સંદર્ભે મુર્ખાઈથી ભરેલા ઈતીહાસને વાંચીને પછી તેના પર ચર્ચા કરીને કશું મેળવી શકાતું નથી. કૃત્રીમ બુદ્ધીમત્તાના વધતા પ્રભાવને જોતા આપણી બુદ્ધીમત્તાનું જ ભવીષ્ય કેવું હશે તે વીચારવું જોઈએ. સારું છે કેટલાક આ વીચારવા માંડયા છે.

---

**તા. ૧૧ જાન્યુઆરીએ સત્યશોધક સભા સુરત-ઉધનાની શેઠ પ્રાણલાલ બચકાનીવાળા વીદ્યાલયમાં 'શ્રી પ્રમોદચંદ્ર આંતરશાળા 'વકતૃત્વ સ્પર્ધા' યોજાઈ. આચાર્ય રીટાબેન ફુલવાળાએ પ્રશંસનીય આયોજન કરેલું. આવતા અંકમાં વીગતવાર અહેવાલ અપાશે.**

# પુર્વજન્મ–પુનર્જન્મનો ખયાલ એકદમ બોગસ છે.

**–એન. વી. ચાવડા**

કોઈપણ સીદ્ધાંત વૈજ્ઞાનીક સત્ય ત્યારે જ કહેવાય જ્યારે તે આપણા સૌના તર્ક, અનુભવ અને પ્રયોગ દ્વારા અર્થાત્ એ ત્રણે-ત્રણ કસોટીમાંથી દરેક વખતે સત્ય પુરવાર થાય. જો કોઈ એક વ્યકતીને પુર્વજન્મની યાદ તાજી થઈ શકતી હોય તો આપણને બધાને આપણા પુર્વજન્મની યાદ તાજી કેમ થઈ શકતી નથી ? આ પ્રશ્નનો પ્રતીતીકર વૈજ્ઞાનીક ઉત્તર હજી સુધી કોઈ આપી શકયું નથી ! તેથી ત્યાં સુધી પુર્વજન્મની કોઈ કહેવાતી ઘટનાઓ શંકાસ્પદ જ ગણી શકાય. બીજો પ્રશ્ન એ છે કે આવી પુર્વજન્મની યાદ તજી થવાની ઘટનાઓ કેવળ બાળકોમાં જ કે જેમની ઉંમર બહુધા ૧૦ વર્ષથી ઓછી હોય છે, તેની સાથે જ કેમ ઘટે છે ? ૧૦થી મોટી ઉંમરના માણસોને પોતાના પુર્વજન્મની ઘટના યાદ આવી હોય એવો એક પણ કેસ કેમ નથી ? ત્રીજે પ્રશ્ન એ છે કે આવી ઘટનાની ચકાસણી ઈન્ડીયન મેડીકલ કાઉન્સીલના કે અન્ય કોઈ જણીતા વૈજ્ઞાનીકો દ્વારા કેમ કરાવવામાં આવતી નથી ? ચોથો પ્રશ્ન તો અત્યંત જટીલ અને પુર્વજન્મના ખ્યાલો બેબુનીયાદ સાબીત કરનારો છે, તે એ છે કે, 'આપણે બધાં જ આપણા પુર્વજન્મને કેમ ભુલી જઈએ છીએ ?' અને એવો જ બીજો પ્રશ્ન છે કે, 'હીંદુ ધર્મમાં પુર્વજન્મનો ખયાલ જે પ્રકારે પ્રવર્તમાન છે, એવો ખ્યાલ ઈસ્લામ અને ખ્રીસ્તી આદી ધર્મમાં કેમ નથી ?'

વાસ્તવીકતા એ છે કે પુર્વજન્મ અને પુનર્જન્મનો ખ્યાલ કેવળ હીંદુ અને જૈન ધર્મમાં જ પવર્તમાન છે. હીંદુધર્મ વાસ્તવમાં વર્ણાશ્રમ ધર્મ છે, જેમાં ચતુવર્ણ અવસ્થાને ઈશ્વરીય અને દ્રઢ બનાવવા માટે ઘુસાડવામાં આવ્યો છે. જેથી હીંદુઓને એવું સમજાવી શકાય કે જે લોકો શુદ્ર-હલકા વર્ણમાં જન્મ્યા છે તેઓ તેમના પુર્વજન્મના પાપકર્મોને કારણે જન્મ્યા છે. આમ શુદ્રોને કાયમ ગુલામ બનાવી રાખવા માટે હીંદુધર્મમાં પુર્વજન્મ અને પનર્જન્મનો ખ્યાલ રચવામાં આવ્યો છે. જો આ ખ્યાલ સાચો-વૈજ્ઞાનીક હોત તો એ દરેક ધર્મમાં ન હોત ? ખુદ આપણા હીંદુ ધર્મમાં જ આ ખ્યાલનો વીરોધ કરનારા અનેક આચાર્યો અને સાધુ-સંતો પેદા થયાં છે.

---

ગમે તેટલો ગુંચવાડા ભરેલો પ્રશ્ન મને મળે પરંતુ હું એવા પ્રશ્નની શોધમાં છું કે જેને ઉકેલવા માટે મેં સાચી દીશાના પ્રયત્નો કર્યા હોય, છતાં એ વધુ ગુંચવાડાવાળો નહીં બને.

**–પૌલ એન્કરસન**

# બાબુભાઈ તમારી યાદમાં !

આપણા બાબુભાઈએ છ વર્ષ પુર્વે તા. ૨૭ મી ડીસેમ્બરે આપણી વચ્ચેથી ચીરવીદાય લીધી હતી. આપણા સત્યશોધક સભાના એક સ્થાપક, પુર્વ પ્રમુખ અને સૌથી પહેલા રમણ-ભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત થયેલ બાબુભાઈને સ્નેહાદરથી હાજર રહેલા સૌએ સર કે. પી. કોલેજ ઓફ કોમર્સના મધ્ય ભવનમાં તા. ૨૭ મી ડીસેમ્બરે જ યાદ કરેલા. એ કોલેજમાં બાબુભાઈએ વ્યાખ્યાતા અને ઉપાચાર્ય તરીકે વર્ષો સુધી સેવા આપી હતી. આથી કોલેજના આચાર્યા ડો. માર્ટીના સમક્ષ જયારે એમની સ્મરણાંજલી સભાની દરખાસ્ત મુકવામાં આવી ત્યારે તેઓએ તરત જ તે વધાવી લીધી. કોલેજમાંના 'સુર્યકાન્ત શાહ નીવૃત્તી પ્રવૃત્તી ભંડોળ'ના સહયોગથી આ કાર્યક્રમ યોજવામાં આવ્યો. કોલેજના અધ્યાપીકા અને આ પ્રવૃત્તીનો અખત્યાર સંભાળતા પ્રા. દક્ષાબેન ચૌહાણે સમગ્ર કાર્યક્રમ દક્ષતાપુર્વક સંભાળ્યો હતો. એમની મદદમાં પ્રા. ભાવેશભાઈ હતા.



સાર્વજનીક એજ્યુકેશન સોસાયટીના અધ્યક્ષ રાજેશભાઈ દેસાઈના પ્રમુખપદે યોજાયેલા આ કાર્યક્રમની શરુઆત સ્વાગત ગીતથી થઈ હતી. દક્ષાબેને કોલેજમાં બાબુભાઈએ અર્પેલી સેવાઓને ભાવપુર્વક યાદ કરી હતી. બાબુભાઈની વીદ્યાર્થીપ્રીયતા અને એમના હસ્તક થયેલ અનેક પ્રવૃત્તીઓની દક્ષાબેને શ્રોતાઓને ઝાંખી કરાવી હતી. ખાસ તો કોલેજ તરફથી ભુતપુર્વ અધ્યાપકોને ભાવપુર્વક યાદ કરવામાં આવે છે તેની નોંધ વીદ્યાર્થીઓ અને મહેમાનોથી ચીક્કાર ભરાયેલા શ્રોતાઓએ લીધી હતી. કોલેજના અધ્યાપક મીત્રો અને કર્મચારીઓને પણ કોલેજમાં બાબુભાઈએ અર્પેલ સેવાઓની સમજ કેળવી હતી.

દક્ષાબેનના પ્રવચન બાદ મહેમાનોનું પુસ્તકોથી સ્વાગત કરવામાં આવ્યું હતું. ત્યારબાદ મંચસ્થ મહાનુભાવોએ બાબુભાઈના ફોટાને સુતરની આંટી ચઢાવી સ્મરણાંજલી અર્પી હતી. ત્યારબાદ સત્યશોધક સભાના પ્રમુખ સુર્યકાન્ત શાહે સભાના અંધશ્રદ્ધા વીરોધી અભીગમ અને જેના પુરાવા મળે તેને જ સત્ય માનવાના આગ્રહને સમજાવ્યા હતા. સભાના પુર્વપ્રમુખ

સીદ્ધાર્થ દેગામીએ બાબુભાઈ સાથેના પોતાના ઘનીષ્ઠ સંબંધને ભાવપુર્વક યાદ કર્યા હતા. આ બાબુભાઈ સત્યના અને સમાનતાના આશીક હતા તે જણાવ્યું હતું. બાબુભાઈ સાથે જેમને જાણે પારીવારીક સંબંધ હતો તે સંસ્થાના એક સ્થાપક વીર નર્મદ દક્ષીણ ગુજરાત યુનીવર્સીટીના પુર્વ કુલપતી, પુર્વ પ્રમુખ અને પેટ્રન ડૉ. બી. એ. પરીખે બાબુભાઈમાં સતત રહેલા અજંપાને યાદ કર્યો હતો. સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધા અને ગરીબીથી બાબુભાઈ ખુબ દુઃખી થતા તે એમણે ઉદાહરણો સહીત જણાવ્યું હતું. શ્રોતાઓને ઉદ્દેશીને ડૉ. પરીખે જણાવ્યું કે સત્યશોધક સભા ઈચ્છે છે કે હાજર રહેલા શ્રોતાઓ સહીત એકએક નાગરીક ‘આ શું છે ? જે ઘટના બની તેનું કારણ શું ? એ ઘટના કેવી રીતે બની ?’ સતત સવાલો પુછતો હોવો જોઈએ. તો સત્ય પ્રગટશે અને સમાજ અંધશ્રદ્ધા અને વહેમમાંથી મુકત થશે.

ત્યારબાદ કાર્યક્રમના મુખ્ય વકતા શ્રી નાનુભાઈ વાનાણીનો પરીચય સુગીત પાઠકજીએ આપ્યો હતો. નાનુભાઈ અને બાબુભાઈએ થોડાં વર્ષો સત્યશોધક સભામાં સાથે પ્રવૃત્તીઓ કરી હતી તેની એમણે યાદ આપી.

મુખ્ય વકતા નાનુભાઈ વાનાણીએ શ્રદ્ધા અને અંધશ્રદ્ધા વચ્ચે જાડા પટા જેટલો તફાવત હોવાનું જણાવ્યું. શ્રદ્ધામાંનો ‘શ્ર’ સત્ય’ને સુચવે છે અને ‘દ્ધા’ ‘ધારણ’ને સુચવે છે. શ્રદ્ધા આમ સત્યને ધારણ કરવાનું સુચવે છે. જે ભગવાન, ખુદા કે ગૉડથી ઓળખાતા તત્ત્વના અસ્તીત્વને હજારો વર્ષથી અબજો માણસો પુરવાર કરી શકયા નથી તો ભગવાન હોવાની માન્યતા પોતે જ અંધશ્રદ્ધા હોવાનું એમણે જણાવ્યું. ‘માનો નહીં, પણ જાણો’ સુત્ર આપીને એમણે વધુમાં જણાવ્યું કે કોઈકના માત્ર કહેવાથી કે પોતાની ખોટી કલ્પનાઓના આધારે કશુંક સાચું હોવાનું માની લેવાનો અભીગમ ખુબ નુકસાનકારક છે. આ અભીગમ હજારો વર્ષોથી આપણે સૌને ખુબ દુઃખી કરી રહ્યાં છે. વીજ્ઞાન આપણને એક પછી બીજું સત્ય બતાવતું રહે છે તે બાબત જ આપણે સૌને વૈજ્ઞાનીક અભીગમ અપનાવવાની હાકલ કરે છે. એમના પ્રવચન બાદ વધારે સમજ મળે તેવી પ્રશ્નોત્તરી થઈ હતી.

પ્રમુખપદેથી બોલતા રાજેશભાઈએ પોતે બાબુભાઈના એક વીદ્યાર્થી હતા તે ભાવપુર્વક યાદ કર્યું. શ્રદ્ધા અંગે બોલતા એમણે જણાવ્યું કે શ્રદ્ધા નીરાશ થયેલાઓને આશા આપે છે, નીરુત્સાહીઓને પ્રેરણા આપે છે, અને ઘણીવાર એ માનસીક શાંતી પણ આપે છે. આથી શ્રદ્ધાનો એકડો સા’વ કાઢી નાંખવા જેવો નથી. પ્રગતી કરવા માટે સમાજે પુરાવાધારીત

હકીકતોને સ્વીકારવી જોઈએ. એ તો સમજી શકાય તેવું છે જ, પરંતુ વ્યકતી કે સમાજ-જયારે એક યા બીજી આમુંઝણનો ભોગ બનતો હોય ત્યારે શ્રદ્ધા એક મલમનું કામ કરે છે. આમ છતાં, સત્યશોધક સભાની અને નાનુભાઈના વકતવ્યને એમણે બીરદાવ્યા હતા.

સત્યશોદાક સભાના એક મંત્રી ડો. સુષ્મા ઐય્યરે સૌનો આભાર માનતા જણાવ્યું હતું કે સર કે. પી. કોલેજ ઓફ કોમર્સ અને અન્ય શૈક્ષણીક સંસ્થાઓએ આવા કાર્યક્રમ કરીને વીદ્યાર્થીઓને સત્ય સમજવા માટે તૈયાર કરવા જોઈએ. રાષ્ટ્રગીત ગાઈને અને ત્યારબાદ અલ્પાહારને ન્યાય આપીને સૌ છુટા પડયા હતા.

## બીનસાંપ્રદાયીક શીક્ષણ ક્ષેત્રે ગીતા – ૯

ઈસ્કોનના પભુપાદે ગીતાના અનુવાદ પર આધારીત તા. ૧૫-૯-૯૨ થી 'સત્યાન્વેષણ'માં 'ગીતા મીમાંસા' થઈ હતી. એ મીમાંસાને કેન્દ્રમાં રાખીને અત્રે એ તપાસવામાં આવેછે કે 'ગીતા'નું અધ્યયન-અધ્યાપન આપણા બીનસાંપ્રદાયીક શીક્ષણમાં કેટલું પ્રસ્તુત બનશે.

પ્રભુપાદ શ્લોક ૩ની સમજુતીમાં એ જે કહે છે કે ભૌતીક પ્રકૃતી સ્વયં અશુભ છે, તેના આધારે શીક્ષકો શું એવું કહેશે કે વીદ્યાર્થીઓ જે પાટલી પર બેઠા છે તેનાથી માંડી બધા સુર્ય-ચંદ્ર જેવા આકાશી પદાર્થો અશુભ છે. ? તો શું અશુભમાં આગળ વધવા માટે શીક્ષકો વીદ્યાર્થીઓને તૈયાર કરે છે એવો એનો અર્થ કાઢવો ? અલબત્ત, પ્રભુપાદ શ્લોક ચાર અને પાંચના અનુવાદમાં પોતાની ટીપ્પણી એવી જ આપે છે કે વીશ્વ વીદ્યાલયની કેળવણીને જ્ઞાન તરીકે સ્વીકારવામાં આવતી નથી ! એનો અર્થ એ કે જે ધોરણમાં ગીતાનો અભ્યાસક્રમમાં સમાવેશ કરવામાં આવશે તેની કેળવણી પણ જ્ઞાન નથી ! બીચારા શીક્ષકો ! જેને માટે તેઓ વર્ગખંડમાં જાય છે તે પ્રભુપાદના ગીતાના અનુવાદ અનુસાર જ્ઞાન જ નથી, એવું એમણે વીદ્યાર્થીઓને ઓછામાં ઓછું પરીક્ષામાં પાસ થવા માટે છેવટે ગોખવવું પડશે. 'ગીતા' માં તો કેટલું બધું જ્ઞાન ભરેલું છે તે તો પ્રભુપાદના એકવીસમા શ્લોકમાં કૃષ્ણના મુખેથી બોલાયેલ છે કે ચંદ્ર એક આખું નક્ષત્ર છે ! પચ્ચીસમા શ્લોકની સમજુતી આપતા પ્રભુપાદ જણાવે છે કે 'કોઈ કોઈ વાર પશુ-યજ્ઞ એટલે એવો યજ્ઞ કે જેમાં પશુનો બલી ચઢાવવામાં આવે છે.' છત્રીસમાં શ્લોકની સમજુતી આપતા તો પ્રભુપાદ એટલા બધા આગળ વધી ગયા છે કે તેઓ કૃષ્ણના મોઢે જણાવે છે : 'હું છળકપટ કરનારાઓમાં દ્યુત છું.' દ્યુત એટલે જુગાર ! આવું બધું શું વીદ્યાર્થીઓને જણાવવાનું છે ?

# શ્રદ્ધાળુને સવાલો

**–રામજી માવજી દવે**

જી. અમરેલી (બગસરા)

- આ સૃષ્ટી પહેલા શું હશે ? ઈશ્વર હશે કે નહીં ? પછી માત્ર શુન્યાવકાશ હશે ?
- દરેક વસ્તુનો સર્જક હોય છે તો ઈશ્વરનો પણ કોઈ સર્જક હશે ?
- ઈશ્વર જો બધાનું સર્જન કરી શકે તો એ બીજા ઈશ્વરનું સર્જન કરી શકે ખરો ? ઈશ્વર ખોટું બોલી શકે, કપટ કરી શકે ?
- ઈશ્વરની ઈચ્છા વીના પાંદડું હાલી કે ફરકી શકતું ન હોય તો ઈશ્વરની ઈચ્છા વીના અનાચારી, અત્યાચારી, અન્યાયી, આતંકવાદી અને બદમાશ પેદા થઈ શકે ખરાં ?
- ઈશ્વર નીર્મળ, નીષ્પાપી અને નીષ્કલંક હોય તો જગતમાં જે અવગુણ જોવા મળે છે, તે કયાંથી આવ્યા હશે ?
- જો બળાત્કાર બાદ પણ બાળક પેદા થતુ હોય તો શું એમ સમજવું કે ઈશ્વર બળાત્કારનો સમર્થક છે ?
- જો જન્મવું, જીવવું અને મરવું ઈશ્વરના હાથમાં હોય તો સામાન્ય લોકો, સંત-મહંતો અને ધર્મગુરુ પણ ડોકટર પાસે શા માટે જાય છે ? અને રાજકીય માણસો સુરક્ષા કવચ શા માટે મેળવે છે ?
- જો બાહ્ય ઉપચાર કે વૈજ્ઞાનીક ઈલાજ બાદ કોઈ સંતાન મેળવતા હોય તો એમાં ઈશ્વરનો Role (હીસ્સો-ભાગ) કેટલો ગણવો ?
- sex (વીષય-વાસના, કામ ક્રીડા) નીર્જીવ છે પણ તેના કારણે જીવ પેદા થાય છે. છાણ-મળ-ઉકરડામાં જીવ-જંતુ પેદા થાય છે. અનાજ-કઠોળમાં ધનેરા પેદા થાય છે. ચોમાસામાં કુદડાં કુટી નીકળે છે. તીડનાં ટોળાં આપોઆપ આવી ચડે છે. ફળમાં ઈયળ જન્મે છે. આ બધું નીર્જીવ કે શુન્યાવકાશમાંથી આપોઆપ થતુ સર્જન છે. એ રીતે જ સૃષ્ટીનું આપોઆપ નીર્માણ નહી થયું હોય ?
- પહેલાં બાળક ઈશ્વરની દેન (ભેટ, કૃપા) સમાન ગણાતું હતુ અને લોકો સંતાન ઝંખતા હતા. હવે લોકો પરીવાર નીયોજનનાં સાધન વાપરી વધુ બાળકને આવતા અટકાવે છે. તો લોકો ઈશ્વરની સત્તાનો અનાદર કરતા હોય, એવું નથી લાગતું ? આ રીતે લોકોએ ઈશ્વરની સત્તા પર મર્યાદા મુકી છે, કે કાબુમાં રાખી છે એમ ન કહેવાય ?
- સેરોગસી માતા મારફતે મળતું બાળક ઈશ્વરની દેણ ગણાય ?

# લઘુ કાવ્યો

**-રમેશ પટેલ**
**મો.-૯૯૨૫૧ ૦૦૨૫૫**

* કોઈપણ કાર્યક્રમની
શરૂઆત
દીપક સળગાવી
સરસ્વતી અને
ગણેશ પુજન કરવા
છતાં - કેટલાક
કાર્યક્રમ સફળ થતાં નથી !

* * *

* પવનનું અસ્તીત્વ
વૃક્ષોની હાલતી ડાળીઓ
દ્વારા સાબીત કરીએ
પણ -
'ઈશ્વર'નું અસ્તીત્વ
આપણે કંઈ ચુકતી પ્રયુકતી દ્વારા
સાબીત કરી શકીએ ?

* * *

* 'ઈશ્વર તો નથી જ' એ
જોવાની દ્રષ્ટી
માત્ર
રેશનાલીસ્ટો પાસે જ
હોય છે.

* * *

* રેશનાલીઝમ કવીનો
અવાજ સાંભળી
ધર્મગુરુઓએ -
પોતાના કાનમાં રુ નાંખ્યું !

* * *

* ઉત્સવોનો
ઘોંઘાટ આપણને
આપે છે -
હુરતી ગાળો !

* * *

* અંધશ્રદ્ધાનો
અંધકાર દુર કરવા
આપણે
ઘરે ઘરે
રેશનાલીઝમના
દીપકો ઉજાસ
માટે સળગાવીએ !

* * *

* ખરેખર
પુનર્જન્મ એ એક
અવાસ્તવીક
કલ્પના !

* * *

* રેશનાલીઝમ મારું હૃદય
રેશનાલીઝમ મારો શ્વાસ
રેશનાલીઝમ મારો ધબકાર
રેશનાલીઝમ મારો 'પ્રેમપંથ'
રેશનાલીઝમ મારી પુજા-અર્ચના
રેશનાલીઝમ મારું સત્ય-(સત્યાન્વેષણ)
રેશનાલીઝમ મારી 'કવીતા'

* * *

* ઘરના નામ
આપણે
'મૃત્યુ', 'ભુત',
'સ્મશાન....'
રખીએ !

* * *

* ધાર્મીક ભાષણો
અને
અંધશ્રદ્ધા ફેલાવનારી
ચેનલોની કરીએ -
બાદબાકી !

* * *

* 'ઈશ્વર કયાં છે ?' - એ
બતાવનારને
પ્રત્યક્ષ હાજર કરનારને
હું
મારી તમામ મીલ્કત
ભેટમાં આપી દઈશ જરુર !

* * *

* લાભ - શુભથી
ઉપર
રેશનાલીઝમના
ચીંતન - તોરણે
ઘર સુશોભન
કરીશું !

* * *

* જ્યોતીષીઓએ
ઉપજાવી કાઢેલા
ગ્રહો એટલે
'રાહુ અને કેતુ.'

* * *

* ઝૂંપડું જોયા કરે -
મંદીર પર પડી
વીજળી
તુટી ગયું મંદીર
રોયા કરે
ભકતો !

* * *

* દોસ્તો,
મને ચંદ્રની કવીતાઓ
દઝાડે છે
જ્યારે ઝુંપડીની કવીતા
આપે છે ભેટ ! ચાંદરણાની !

* * *

## વધતી વસતી વીજ્ઞાનને કારણે

આપણી આજુબાજુ બનતી ઘટનાઓ કે જેમાંની કેટલીક તો આપણે જ પેદા કરી છે, તેનું વૈજ્ઞાનીક દ્રષ્ટીએ અવલોકન કરીને હોકીંગ આશ્ચર્ય પમાડે એવાં સત્ય રજુ કરે છે.

સૌ જાણે છે કે આજથી ૧૦,૦૦૦ વર્ષ પુર્વે બરફ યુગ પુરો થયો. તે પહેલા એવો કોઈ યુગ નહોતો કે જેમાં પ્રવર્તમાન માનવજાત પાસે જે રોજેરોજ વધતા જ્ઞાન અને ટેકનોલોજી છે, તે નહીં હતા. ત્યારપછી તેમનો આવીષ્કાર થયો.

આ દશ હજાર વર્ષમાં વસતી તો એકધારી વધતી જ ગઈ. કયા કારણે ? વીજ્ઞાને શોધ્યું અને ટેકનોલોજીએ સાકાર કર્યું. તેથી વધતી જતી વસતીને રોટી-કપડાં મળતાં ગયાં. આજથી બસો વર્ષ પર વીશ્વની વસતી માંડ એક અબજની હતી, આજે તે વધીને આઠ અબજ તરફ પહોંચવા માંડી છે ! આટલા બધા લોકો જીવે છે તેના મુળમાં વીજ્ઞાન-ટેકનોલોજી છે !

## ચીંતનકણીકા

**-સંપાદન મોહન પટેલ**

**મો.- ૯૭૨૭૮ ૧૮૩૯૧**

- મૃત્યુ પછી સત્ય જાણી શકાતું નથી. જીવતો માણસ જ સત્ય જણી શકે છે : 'રામનામ સત્ય છે' તેવું કહેવું તે મુડદું જાણી શકે નહીં. -ઓશો રજનીશ
- मुर्ख ज्ञानीऔ से भी नहीं शीख पाते - और ज्ञानी मुर्ख से भी शीख लेता है. -ગૌતમ બુદ્ધ
- જીવનમાં દુ:ખદ વાત એ છે કે આપણે ઘણા ઝડપથી મોટા થઈએ છીએ. પરંતુ સમજદાર મોડેથી... -બેન્જામીન ફ્રેંકલીન
- આ દુનીયામાં અઘરું કશું નથી. -ગ્રેબીએલ ગ્રેસીયા
- પુરુષ માટે દુ:ખી લગ્નજીવનના કારણે મગજનો સ્ટ્રોકનું પ્રમાણ ૬૪ ટકા જેટલું જોખમ રહેલું છે, તેમ ઈઝરાયેલી તેલ એલીવ યુની.ના સંશોધક ટુકડીના વડા પ્રોફેસર યુરી ગોડલ્બર્ટ દ્વારા અહેવાલમાં જણાવ્યું છે.
- અમેરીકાના કસરતના પ્રોફેસર લેરી ટેકરનું કથન છે કે દરરોજ સ્ત્રીએ ત્રીસ મીનીટ અને પુરુષ ચાળીસ મીનીટનું જોગીંગ (કસરત) કરે તો સરેરાશ આયુષ્ય નવ વર્ષ જેટલું વધી જાય છે. આ ઉદાહરણ પરથી ચાલવું, દોડવું, તરવું, સાઈકલીંગ, જીમની કસરતો ઉપયોગી છે. તે સમજીએ. -મોહન પટેલ
- અનુભવ એ પણ ડીગ્રી છે. વડીલોની અવગણના પણ વીનાશની ગતી આપી શકે. યુવાન પણ એક દીવસ સીનીયર સીટીઝન બનવાનો છે. કુદરતે કોઈને અમરપટો લખી આપ્યો નથી. તેથી તમારી ચીત્તવૃદ્ધી માટે રોજ મૃત્યુ-સ્મરણ કરો તે ઉત્તમ છે. -મોહન પટેલ
- સામાન્ય માણસની દષ્ટીએ વીવેકબુદ્ધી એટલે 'તર્ક, વીચાર અને અનુભવના આધારે ઈશ્વરનો વીરોધ કરવો અને સત્યને પારખવું' તે.
- ઓકસફર્ડ ડીકસનરી વ્યાખ્યા મુજબ : Theory that Reason is the foundation of certainity is knowledge.
- 'રેશનાલીઝમ એટલે વીવેકબુદ્ધીવાદ', વૈજ્ઞાનીક અભીગમ આધારીત તેમજ તર્ક-બુદ્ધીથી વીચારવું તે. -ડો. બી. એ પરીખ
- બટ્રાન્ડ રસેલના મતે : રેશનાલીઝમ એ તો સમગ્ર જીવન - વાચારધારા અને જીવનશૈલીનો જડમુળથી કાયાકલ્પ કરતું તત્ત્વ છે."

- લંડનના રેશનાલીસ્ટ એસોસીએશનના મત મુજબ : રેશનાલીઝમ એક એવો માનસીક અભીગમ છે કે જેમાં વીવેકશકતી તથા તર્કશકતીની સર્વોપરીતાનો બીનશરતી સ્વીકાર કરવામાં આવે છે, અને જેનો હેતુ ફીલસુફી તથા નીતીશાસ્ત્રની એવી તરાહ સ્થાપવાનો છે કે જે અધીકારી માનતા વ્યકતી કે ગ્રંથની એક પક્ષીય માન્યતાઓથી સદંતર મુકત હોય અને જે તરાહને તર્ક તથા વાસ્તવીક અનુભવો, પ્રયોગ દ્વારા ચકાસીને સત્ય હોવાનું જાણી શકાતું હોય."
- લ્યુકેરીયસ કહે છે : "માનવીમાં રહેલા ભયને કારણે ઈશ્વરની કલ્પના સાકાર બની છે.
- પેટ્રોનીયમ કહે છે : એવું કશું જ નથી. પરંતુ ભયના કારણે ભગવાનનો જન્મ થયો છે. ભય વીના પ્રેમ નહીં, દેવતા-પત્થર - મંદીર મુર્તીને ઈશ્વર માનીને પ્રાર્થના-પુજા-ભેટ વીધી કરતા થયા. -મોહન પટેલ
- વીશ્વમાં કયાંય સ્વર્ગ નથી, કયાંય મોક્ષ નથી, તેમ કોઈ પરલોક નથી, વર્ણાશ્રમ વગેરે અર્થહીન છે. તેથી કોઈ લાભ નથી, માત્ર નુકસાન છે. -ચાર્વાક
- માનવીમાં રહેલા ભવીષ્યમાં કાલ્પનીક ડરના કારણે બ્લડ પ્રેશરના દર્દી બની શકો પોતાના દુઃખની સરખામણી બીજા સાથે કરવાથી ડાયાબીટીસના દર્દી બની શકાય માટે આપણી ખુદની દુઃખી લાગણીથી હતાશા છોડી હકારાત્મક આનંદી જીવન જીવો. -મોહન પટેલ
- હકારાત્મક વીચારો, સારી સોબતમાં રહો. શારીરીક-માનસીક મજબુત બનીને રમત પ્રવૃત્તીમય રહો - હતાશા - નારાજગી - અને લાચારીના ભાવ ત્યજો તો ધીરજ, સંતોષરૂપી ગુણ અપનાવી અહંકાર ત્યજો તો જીવનમાં સુખી થઈ શકાય.

- મોહન પટેલ

## મુકતકો

**–આર. ડી. ગુર્જર**

* ગરીબોના દુઃખ કંઈ કર્મના સીદ્ધાંતે કે કુદરતની લીલાથી પેદા થતા નથી. એ તો આપણી સામાજીક વ્યવસ્થામાંથી પેદા થાય છે. આથી એ તો આપણા સૌનું મોટું 'પાપ' છે. -ચાર્લ્સ ડાર્વીન
* હીન્દુ સામાજીક વ્યવસ્થાના મતે જાતી -વ્યવસ્થાનો આધાર ઈશ્વરીય છે. એટલે એ પવીત્રતા અને દેવત્વને નષ્ટ કરવું પડશે. શાસ્ત્રો અને વેદોની સત્તા સમાપ્ત કરવી પડશે. -આંબેડકર પુસ્તકના પાન ૯૩ માંથી

- દોહ્યલું છે ગરીબો માટે ઘીનું એકેય ટીપું
મહીમા ઘણો માતા વણો ઘી ઢોળી હરખાય છે
પગેરું તો પહોંચે છે મહાભારતના વનપર્વે
અંધવીશ્વાસની કરવતથી ખીજડો વહેચાય છે.
- નાગ પથ્થરનો પુજાય છે, જીવતો ફટકા ખાય છે,
માવતર ફોટામાં પુજાય છે જીવતાં ઠેબા ખાય છે,
પથ્થર કેટલો પ્રેમાળ હશે ! અંધશ્રદ્ધા પૂજાય છે.
- એકેય ગ્રહ એવો ન બન્યો જે માનવીને ના નડયો
પ્રાણી-પક્ષી વીધી જાણે નહીં નડવાનો ભય ગયો.
- ચંપલ ચોરાયા ને પનોતી ગઈ કેવો નવો ઉપહાર મળ્યો,
ઓતર્યું જગત અંધવીશ્વાસે કુવો કેવો ઉંડો કીધો.
ભકતીના કુંડાળાં કીધાં, સંપ્રદાયમાં વહેંચી દીધાં
તીલકથી ઓળખાણો કીધી માળા સૌએ એકજ લીધી
- હજાર કરવતે 'ઈશ્વર' કાપ્યો, ટુકડે ટુકડે વહેંચી લીધો.
પરંપરાના વાઘથી સંત સુધારકો પણ ડરે છે
- જ્ઞાન પ્રકાશ નડતો હશે ? કે પ્રતાપ અંધવીશ્વાસનો !
પ્રકાશ પંથે જ્યાં જવા કાજે સૌ હામ ધરે મશાલ લઈને
ઉજાસમાં પંથે જવા કાંજે સૌ હામ દારે મશાલ લઈને
ઉજાસમાં જવાનો આ મંત્ર કેવો હાસ્યાસ્પદ લાગે !
- અધર્મ જીવે ધરી રુપ ધર્મ
ને સત્ય રૂપે જીવતું અસત્ય.
ભુખ વીનાના ને હજારો જમાડનાર
ભુખ્યાને ના જમાડનાર દીઠયો કોઈ ?
- ગમે ના ઈશ્વરને જીર્ણ થયેલા દેહમાં
નવાં મકાન એટલે તો વારંવાર શોધે છે.
- જગત કા તાત મર જાને પર ફકીર મૌજ ઉડાતા હૈ
સ્મશાન સે ધુઆ કૈસે નીકલે સબ દાઢી મેં સમાયા હૈ.

# પાટલીની પેલે પાર

**–રીમ્મી વાઘેલા**

ધાર્મીક જડતા આપણી શીક્ષણ સંસ્થાઓમાં  ધીમે ધીમે પોતાને અડ્ડો જમાવી રહી છે. કદાચ સહુ લોકોને એનો અનુભવ નહીં થતો હોય, કારણ કે કોઈ ચોકકસ બાબતને ધાર્મીક જડતા કહેવાય તેવું સમજી શકતા વીદ્યાર્થીઓ પણ બહુ ઓછા છે. મારું ભણવાનું, હમેશા ચાલુ રહ્યું છે. પ્રમાણીકપણે એ વાત સ્વીકારવી પડે કે મને કયારેય આંખે ચઢીને દેખાય તેવી ધાર્મીક જડતાનો સામનો મારી શાળા કે કોલેજમાં કરવો પડયો નથી. જો કે સામે એ વાત પણ એટલી જ સાચી છે કે જેમ જેમ મારો અભ્યાસ આગળ વધતો ગયો તેમ તેમ ધાર્મીક ભેદભાવની સુક્ષ્મતા જેવા પણ મળતી ગઈ. પણ ગુજરાતની ખરી ઓળખ તો એ જ હતી કે વીદ્યાર્થીઓ સાથે કયારેય ધર્મ કે જ્ઞાતી-જાતીના આધારે ભેદભાવ નહોતો થતો. હવે આ વાતાવરણ ડહોળાઈ રહ્યું છે.

હમણાં મને એક અજીબ વાત જાણવા મળી. કેતન નામે મારો એક મીત્ર રાજયની અતી પ્રતીષ્ઠીત શૈક્ષણીક સંસ્થામાં બી.એડ.નો અભ્યાસ કરે છે. બી.એડ.માં અભ્યાસના ભાગરુપે જ અનેક પ્રકારની સાંસ્કૃતીક  પ્રવૃત્તીઓ કોલેજમાં કરાવવામાં આવતી હોય છે. આ પ્રવૃત્તીના ભાગરૂપે કેતનની એક સહપાઠી વીદ્યાર્થીનીએ અરબી ભાષામાં એક પ્રાર્થના રજુ કરી. તેને મનમાં હતું કે કંઈક જુદી રજુઆત કરવાથી પ્રશંસા મળશે. ખરેખર વીદ્યાર્થીઓમાંથી તો પ્રશંસા જ મળી, પરંતુ અમુક શીક્ષકો દ્વારા આ પ્રકારની રજુઆતની બરાબર વીરોધ કરવામાં આવ્યો. બધાની વચ્ચે જ એ વીદ્યાર્થીનીને કહેવામાં આવ્યું કે કંઈપણ રજુઆત કરતા પહેલાં એ રજુઆત કઈ બાબતની છે તે અંગેની પરવાનગી શીક્ષકો પાસેથી મેળવી લેવી. એ સીવાય ગમે તેવી રજુઆતો કરવી નહીં. કેતનના મીત્રવર્તુળમાં તમામ ધર્મના વીદ્યાર્થીઓ છે. તેમની વચ્ચે કોઈપણ પ્રકારનો ભેદભાવ નથી. રીસેશના સમયે રોજ બધા એક સાથે જ પોતાના ટીફીન બોકસ ખોલીને નાસ્તો કરે છે, પણ અરબી ભાષામાં થયેલી પ્રાર્થનાની રજુઆત અમુક શીક્ષકોને ગમતી નથી, અને રજુઆત પહેલાં પરવાનગીનો નીયમ તાત્કાલીક જાહેર કરી દેવામાં આવે છે. ભાષામાં પણ ધર્મના ભેદભાવને વચ્ચે લાવતા શીક્ષકને કદાચ ખબર જ નહીં હોય કે ગુજરાતી ભાષા ઉપર અરબી અને ફારસી ભાષાનો કેટલો બધો પ્રભાવ છે !

મને આ ઘટના સાધારણ નથી લાગતી. એ વીદ્યાર્થીનીના આત્મવીશ્વાસની શું દશા કે અવદશા થઈ હશે તેની તો આપણે બહુ ચર્ચા નથી કરતા. તેને મનમાં ચોકકસપણે થયું હશે કે બધાના ધર્મથી તેનો ધર્મ અલગ છે, એટલા માટે જ તેને જુદી ભાષામાં રજુઆત કરવા અટકાવવામાં આવી. આપણે તેની આ મનોદશાની પણ ચર્ચા નથી કરતા. પણ અરબી ભાષાની પ્રાર્થના પણ સહન ન કરી શકીએ તેટલા અસહીષ્ણુ આપણે થઈ ગયા છીએ ! મને ચીંતા આ અસહીષ્ણુતાની થઈ રહી છે. આ ઘટના સાંભળીને મને તરત જ ઉત્તર પ્રદેશની શાળાનો કીસ્સો યાદ આવ્યો. જેમાં એક આચાર્યને ઈકબાલની પ્રાર્થના 'લબ પે આતી હૈ દુઆ'...આ વીદ્યાર્થીઓ પાસે ગવડાવવા બદલ હોદ્દા પરથી દુર કરવામાં આવ્યા હતા. એવો આરોપ લગાવીને કે તે આચાર્ય શાળામાં ઈસ્લામનો પ્રચાર કરે છે. દેશની પ્રતીષ્ઠીત સંસ્થા ગણાતી એવી આઈઆઈટી કાનપુરમાં પણ આવી જ ઘટના બની હતી. આઈઆઈટી કાનપુરના વીદ્યાર્થીઓએ દીલ્હીની જામીયા મીલીયા ઈસ્લામીયા યુનીવર્સીટીના વીદ્યાર્થીઓના ટકામા ફૈઝ અહેમદ ફૈઝનું 'ગીત તહમ દેખેંગે'...ગાયું તો તેમની પર આરોપ લગાવવામાં આવ્યો કે આ ગીત હીંદુ ધર્મ વીરોધી છે. આ અસહીષ્ણુતા આપણને કયાં લઈને જશે ? આવા માહોલમાં આપણા વીદ્યાર્થીઓમાં આપણા વીદ્યાર્થીઓનો તંદુરસ્ત વીકાસ શકય છે ખરો ?

('અભીદ્રષ્ટી'ના મે-જુન-૨૦૨૨ ના અંકમાંથી સાભાર)

---

## સત્યશોધક સભાનાં પ્રકાશનો

| | |
|---|---|
| (૧) વીજ્ઞાન અને અલૌકીક ઘટનાઓ રૂા. ૫૦ | - ડો. બી. એ. પરીખ |
| (૨) ચમત્કારોની ભીતરમાં રૂા. ૩૦ | - સીદ્ધાર્થ દેગામી |
| (૩) નવા વહેમો : વાસ્તુશાસ્ત્ર અને ફેંગશુઈ રૂા. ૩૦ | - ડો. બી. એ. પરીખ |
| (૪) આપણો માંદો સમાજ રૂા. ૩૦ | - સુર્યકાન્ત શાહ |
| (૫) લગ્ન પહેલા અને પછી (બીજી આવૃત્તી) રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૬) ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ : માનવીનું અવતરણ રૂા. ૩૫ | -ડો. બી. એ. પરીખ |
| (૭) જ્યોતીષ વીજ્ઞાન નહીં, મીથ્યા કલ્પના રૂ. ૩૦ | -ડો. બી. એ. પરીખ |
| (૮) જૈનોનું તર્કશુદ્ધ અજ્ઞાન રૂા. ૩૦/- | -સુર્યકાન્ત શાહ |

**મેળવવા માટે મ. ઓ. કરો.**

# પીતા તરીકે મારા જીજા

(ટુંકાવીને)

–શર્વરી દેસાઈ

'મારા જીજા' આ બે શબ્દો ફક્ત બોલતાં જ - કે મનમાં પણ આવતાંની સાથે ડુમો ભરાઈ જાય, લાગણીના ઉમળકાથી મન, હૃદય, આંખો ભરાઈ આવે, અને પ્રશ્ન થાય કે આ સૃષ્ટીમાં મારા જેવા કેટલા સદભાગી હશે કે જેમને જીજા જેવા સ્નેહનીતરતા પીતા હશે !

વીચાર કરું છું ત્યારે થાય છે કે એમની આગળ કે કેટલા વીશેષણો લાગ્યાં છે ! પ્રાધ્યાપક, લેખક, પત્રકાર, વીવેચક, નીબંધકાર, હાસ્યકાર, રેશનાલીસ્ટ વગેરે વગેરે. અલબત્ત એક પુત્રી તરીકે તેમની આ સર્વ વીવીધ ક્ષેત્રોમાંથી સીદ્ધીઓનું મને ગૌરવ છે જ. પણ મારે આજે વાત કરવી છે રમણ પાઠકની એક પીતા તરીકે, અને એનાથી પણ આગળ વધીને એક માણસ તરીકેની. હું સમજણી થઈ ત્યારથી યાદ કરવા મથું છું કે કયારેય એમણે મને ડારી હોય, મારી હોય, પીતા તરીકે ગુસ્સે થયા હોય, ખખડાવી નાખી હોય કે પછી છેવટે સલાહ-સુચનોનાં લાંબા લાંબા ભાષણો સંભળાવ્યાં હોય, પણ ખરેખર, એવો એક પણ પ્રસંગ માનસપટ પર ઉપસી આવતો નથી. એક વાર હું ખુબ નાની હતી ત્યારની વાત કરું તો યાદ નથી શા કારણે, પણ મેં ગુસ્સામાં એમના માથામાં લાકડું મારી દીધું હતું. કપાળેથી લોહીની ધાર અને આંખોમાં ઝળઝળીયાં, 'આવું કેમ કર્યું ? કેમ માર્યું ? આવું કરાય ? આવી રીતે કરાય ?' જેવો એક પણ શબ્દ નહીં, બસ એમની કરુણાભરી વેદનાસભર, અશબ્દ દષ્ટી જ ઠપકો બનીને અંતરમાં ઉતરી ગઈ, અને પારાવાર પસ્તાવા અને અફસોસની લાગણીથી અંતર હલી ઉઠયું.

મારા બાળકો ચી. તર્જની અને ચી. મલ્હાર માટે તો પ્રેમની સીમા હોય જ કયાંથી ? અમે ચીખલી રહેતા ત્યારે તો, જયારે જઈએ ત્યારે એ ઓટલા પર ખુરશી નાખીને બેઠાં હોય. ફળીયાના આઠ-દસ બાળકો અમારા ઘરમાં આનંદથી રમતાં હોય અને જીજા એમની સાથે વહાલથી વાતો કરતા હોય. આમ આખેઆખા એ લાગણીના માણસ, સામાન્ય રીતે રેશનાલીસ્ટ એટલે બુદ્ધીપ્રધાન પણ લાગણીહીન માણસ એવી માન્યતા પ્રવર્તતી હતી, પરંતુ જીજાના વ્યકતીત્વમાં લાગણી જ પ્રધાનપણે પ્રવર્તતું હતું. ફક્ત બાળકો જ શા માટે ? એમના જીવનમાં જેટલા એમની નીકટ છે એ બધાંને એ હૃદયપુર્વક ચાહે. એમાં મીત્રો, સ્વજનો, પરીચીતો તો હોય જ. પણ એ ઉપરાંત એમને ત્યાં કામ કરવા માટે આવતી દરેક વ્યકતીનોય સમાવેશ થઈ જાય. શરુઆતથી જ અમે ત્રણ - હું જીજી (સરોજ પાઠક) અને જીજા બહુ જ ઓછું સાથે રહ્યા છીએ, છતાં અમારી વચ્ચે પીતા-પુત્રી કે માતા-પુત્રી કરતાં ય વધુ મૈત્રીનો જ સંબંધ રહ્યો છે. વળી ઘરમાં અમે ત્રણ જ-એ બન્ને પ્રાધ્યાપક અને હું શાળાની વીદ્યાર્થીની એટલે સવાર પડે ને દસેક વાગ્યા સુધીમાં તો ત્રણેને ઘરમાંથી નીકળી જવાનું હોય. એટલા સમયમાં સરળતાથી બધા કામો નીપટાવી શકાય. એટલા માટે અમારા ઘરમાં સંપુર્ણ શ્રમવીભાજન અને તે સવારમાં જ ઘરમાં રોજીંદા કામોમાં પણ. દા. ત. જીજી રસોઈ બનાવે એટલે એણે રસોડામાંથી નીકળી જવાનું, પછી મારે જમવાની તૈયારી રુપે ટેબલ સજાવવાનું અને

જમવાનું પતે પછી જીજા હસતાં હસતાં કહે. 'ચાલો હવે બધાં જાઓ, મારે પોસ્ટપાર્ટમ કરવાનું છે...' ચા તો એ જ મુકે. અમે ઘરમાં હોઈએ છતાંય જાણીતા મહેમાનો કહે, 'રમણભાઈ, અમારે તો તમારા હાથની ચા પીવી છે.'

હું કદાચ ચોથી-પાંચમીમાં હોઈશ ત્યારે જીજા એમ. એ. કરતા'તા અને જીજી શાળામાં શીક્ષીકા. સવારની શાળા હતી અને મને બરાબર યાદ છે હું ને જીજા મળીને કુકર ચઢાવતાં અને રસોઈની અન્ય તૈયારી કરતાં આમ એમને કોઈ પણ કામમાં નાનમ નહીં. નીયમબદ્ધ રીતે, સમયસર અને ઘડીયાળને કાંટે કરવું એવો પણ આગ્રહ. સમયપાલનમાં બહુ જ ચુસ્ત અને એટલે જ કોઈ પણ કાર્યક્રમ હોય. એ વહેલા જ હોય અને મોટે ભાગે પહેલાય હોય !

ઝીણી ઝીણી બાબતોમાં પણ અત્યંત કાળજી, સફાઈ અને ચીવટ દેખાઈ આવે. જેમ કે કાગળ પરનું લખાણ હોય, કવર પર સરનામું કરવાનું હોય, કે એના પર ટીકીટ ચોંટાડવાની હોય, આ બધાંની પાછળ પણ બીજાની દરકાર. કાગળ ખોલતી વખતે ખોલનારને તકલીફ ન પડવી જેઈએ ને ગુંદરથી ચોંટીને લખાણ ફાટવું ન જોઈએ. ઘણીવાર તો અમેય ખીજાઈ જઈએ કે 'જીજા, હવે તમે આટલી બધી તકલીફ વેઠો છો, તો થોડી બીજાય વેઠી લે કોઈ વાર. એમાં શું ?' એ તો બીજાને સગવડ આપવા ખાતર અન્યનો જીવ નીરાંતનો રાખવા ખાતર અનેક અણગમતી બાબતો ય શાંતીથી ચલાવી લેતા. તે એટલે સુધી કે રોજીંદા ખોરાકમાંય અમુક જ વાનગી કે અમુક જ પ્રકારનો સ્વાદ વગેરેનો પણ દુરાગ્રહ નહીં. આ જ કારણે મીત્રોમાં, અડોશ-પડોશમાં, સ્વજનોમાં અત્યંત પ્રીય અને સહુ એમને ચાહે. આંખ મીંચીને એમનામાં વીશ્વાસ મુકી શકાતો. સ્પષ્ટવકતા અને સત્યવકતા છતાં સંવેદનાના માણસ.

દરેક વ્યકતીનો જન્મ અને પછી મૃત્યુ નીશ્ચીત છે, પરન્તુ એ બે કુદરતી ઘટનાઓ વચ્ચેનો ગાળો - માનવજીવન હંમેશાં સુખમય બને, આનંદમય બને. સુવીધામય બને એવું આદીકાળથી દરેક માનવ ઈચ્છતો રહયો છે. દરેક આધુનીક ક્ષેત્ર, પછી એ વીજ્ઞાન હોય કે અન્ય કોઈ ક્ષેત્ર, એનો હેતુ માનવકલ્યાણ, સુખ, શાંતી અને આનંદનો જ હોય છે ને ? આમ છતાં માનવ જડ રુઢીઓ, રીવાજો, ખોટી માન્યતાઓ, વળગણો, પુર્વગ્રહો વગેરેમાંથી મુકત થઈને કયાં ખુલ્લો સ્વતંત્ર, આનંદનો શ્વાસ લઈ શકે છે ? બસ, આ જ એમની સતત વેદના હતી કે, 'માણસે શા માટે પોતાની જાતે દુઃખ વહોરી લેવું જોઈએ ? લાગણીનાં બંધન અનીવાર્ય, પણ શા માટે ખોટાં બંધનોમાં જકડાઈને આનંદની, સુખની ઝીણી ઝીણી પણ સાચી ક્ષણો માણવામાંથી વંચીત રહેવું જોઈએ ?' માનવીને વધુમાં વધુ સુખ, આનંદ અને જીવનની પરીપુર્ણતા કેમ પ્રાપ્ત થાય એ જ એમનો સતત પ્રયત્ન રહ્યો.

લેખનમાં સતત આ અંગેના કડવા ઘુંટ વાચકોના પાતા રહે છે અને વર્તનમાં લાગણીની મીઠાશથી નવડાવતા રહે. સદા પ્રસન્ન, સુક્ષ્મ સેન્સ ઓફ હ્યુમર ધરાવતા, હસતા-હસાવતા, લાગણીભરી કાળજી લેતા. દરેકના અલગ વ્યકતીત્વની સપ્રેમ નોંધ લેતા, વર્તનથી જ દષ્ટાંત બનતા, પ્રેમસભર જ નહીં પણ પ્રેમનો ધોધ તેઓ વરસાવતા.

('રમણ-ભ્રમણ' ચંદ્રકથી આભુષીત ગોવીંદ મારુના 'અભીવ્યકતી' બ્લોગમાંથી સાભાર)

# રેશનલ ચળવળ

રમણભ્રમણ સુવર્ણચંદ્રકથી આભુષીત ડૉ. સુજાત વલીની આગેવાની હેઠળ રેશનાલીસ્ટ એસોસીએશન, ગોધરા તરફથી દર બુધવારે રાત્રે ૯.૦૦ કલાકે રેશનલ વેબીનાર યોજાય છે. એમાં જોડાવાનું તમને સૌને આમંત્રણ છે. એ માટે અવીનાશ મીસ્ત્રીનો મોબાઈલ ૮૪૦૧૩૦૩૦૦૦ પર સંપર્ક સાધવો. યોજાઈ ગયેલા વેબીનારની માહીતી.

| તા. | વીષય | વક્તા |
|---|---|---|
| ૦૧-૦૬-૨૨ | શીક્ષણ પદ્ધતીમાં | મનીષી જાની |
| ૦૮-૦૬-૨૨ | ધર્મગ્રંથો | પીયુષ જાદુગર |
| | | અશ્વીન કારીઆ |
| ૧૯-૧૦-૨૨ | ચાર્લ્સ ડાર્વીન | ડૉ. સુજાત વલી |
| ૦૨-૧૧-૨૨ | | બીપીન શ્રોફ |
| ૦૯-૧૧-૨૨ | | |
| ૧૬-૧૧-૨૨ | મૃત્યુ | ડૉ. સુજાત વલી |
| ૨૩-૧૧-૨૨ | | |
| ૩૦-૧૧-૨૨ | મુહુર્ત | સમુહ ચર્ચા |
| ૦૭-૧૨-૨૨ | સ્ત્રી-પુરુષ સમાનતા | જાગૃતીબેન ઠક્કર |
| ૧૪-૧૨-૨૨ | | |
| ૨૧-૧૨-૨૨ | લગ્ન | સમુહ ચર્ચા |
| ૨૪-૧૨-૨૨ | | |

(વધુ આવતા અંકે)

**જાદવ પુછે :**

આપણાં એક મંત્રી જાદવ વેકરીયા પુછે છે :

(૧) વ્યસન કરતો માણસ રેશનલ જણાય કે નહીં ?

રેશનાલીઝમ એક વીચારધારા છે. વ્યસન વૈયકતીક માનસીક, અને કેટલીકવાર શારીરીક ગુલામી છે. એક વાર વ્યસન પડે એટલે પરવશતા આવે છે. એ ઈચ્છનીય છે કે વ્યસન છોડવામાં આવે, પરંતુ માત્ર વ્યસન હોવાના કારણે જ વ્યસનીને રેશનાલીસ્ટ નહીં હોય એવું કહેવાય નહીં. વ્યસનીને પણ, જો એ હોય તો રેશનલ ગણવો પડે.

# ગુજરાત મુંબઈ રેશનાલીસ્ટ એસોસીએશન અને
# હ્યુમેનીસ્ટ રેશનાલીસ્ટ એસોસીએશન

**બે દીવસીય શીબીર**
**કોન્ફરન્સ હોલ, કલરવ સ્કુલ, દાહોદ હાઈવે, વાવડી, ગોધરા.**

તારીખ : ૨૮-૧-૨૦૨૩ (પ્રથમ દીવસ)

રજીસ્ટ્રેશન / બ્રેકફાસ્ટ - ૦૮.૦૦ કલાક થી ૦૯.૪૫

| | | |
|---|---|---|
| આવકાર | સવારે ૦૯ : ૪૬ થી ૧૦:૩૦ સુધી | આવકાર : ડો. સુજાત વલી<br>ઉદ્ઘાટન : સુર્યકાંત શાહ<br>મુખ્ય મહેમાન : ઉત્તમભાઈ પરમાર<br>સમારોહના અધ્યક્ષ : પ્રો. એન. કે. ઇંદ્રાયન |

**પ્રથમ બેઠક** - સવારે ૧૦:૩૧ કલાકેથી ૧૨:૧૫ સુધી

| | |
|---|---|
| ડાર્વીનનો ઉત્ક્રાંતીવાદ અને તેની અસરો | વકતા : ડો. સુજાત વલી<br>પ્રમુખ : જયેન્દ્રસીંહ રાણા |

ભોજન વીરામ બપોરે ૧૨:૧૬ થી ૦૧:૩૦ સુધી

**બીજી બેઠક** - બપોરે ૦૧:૩૧ કલાકેથી ૩:૦૦ સુધી

| | |
|---|---|
| રેશનાલીઝમનો અર્થ અને તેનાં મુળ તત્ત્વો | વકતા : પ્રો. હેમંતકુમાર શાહ |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | પ્રમુખ : મનીષી જાની |

ત્રીજી બેઠક - બપોરે ૦૩:૦૧ કલાકેથી સાંજે ૦૪:૩૦ સુધી

| | |
|---|---|
| વૈજ્ઞાનીક અભીગમ અને ધાર્મીક અભીગમ | વકતા : મેદુરી સત્યનારાયણ<br>મહામંત્રી : રેશનાલીસ્ટ એસો. ઓફ ઈન્ડી. (આંધ્રપ્રદેશ) |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | પ્રમુખ : મનીષી જાની |

ચા નાસ્તો સાંજે ૦૪:૩૧ થી ૦૪:૪૫ સુધી

ચોથી બેઠક - બપોરે ૦૪:૪૬ કલાકે થી સાંજે ૦૭:૦૦ સુધી

| | |
|---|---|
| ભગતસીંહનો વીચાર વૈભવ અને આજના યુવાનો | વકતા : ભાવીક રાજા<br>પ્રમુખ : પીયુષ ચૌહાણ<br>ચર્ચામાં ભાગ લેશે : વીક્રમ વજીર, જાગૃતીબેન પટેલ |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | સીદ્ધાર્થ દેગામી તેમજ અન્ય યુવાનો |

**ભોજન : સાંજે ૭:૦૦ થી ૭:૪૫ સુધી**

(અનુ. ટા. ત્રણ ઉપર)

**(અનુસંધાન પાના નં ૨૪ નું)**

તારીખ : ૨૯-૦૧-૨૦૨૩ (બીજો દીવસ)
બ્રેકફાસ્ટ : સવારે ૦૮:૧૫ થી ૦૮:૪૫ કલાકે

પ્રથમ બેઠક : સવારે ૦૮:૪૬ થી ૧૦:૦૦ સુધી

| | |
|---|---|
| વૈજ્ઞાનીક દ્રષ્ટીકોણની જીવનમાં ઉપયોગીતા | વકતા : રમેશ સવાણી |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | પ્રમુખ : ગીરીશ સુંઢીયા |

બીજી બેઠક : સવારે ૧૦:૦૦ થી ૧૧:૦૦ સુધી

| | |
|---|---|
| રેશનાલીઝમ અને માનવવાદ | વકતા : ડો. હનુમંત રાવ<br>પ્રમુખ : રેશનાલીસ્ટ એસોસીએશન ઓફ ઈન્ડીયા (આંધ્રપ્રદેશ) |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | પ્રમુખ : પ્રો. મીહીર દવે |

ત્રીજી બેઠક : ૧૧:૦૦ કલાકે થી ૧૨:૦૦ સુધી

| | |
|---|---|
| રેશનાલીઝમ સામેના પડકારો અને તેના ઉપાયો | વકતા : જગદીશ બારોટ |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | પ્રમુખ : ડંકેશ ઓઝા |

ભોજન વીરામ : બપોરે ૧૨:૦૦ થી ૧:૦૦ સુધી

ચોથી બેઠક : બપોરે ૦૧:૦૦ કલાકે થી ૦૨:૦૦ સુધી

| | |
|---|---|
| પીતૃ સમાજ અને અંધશ્રદ્ધા | પ્રારંભીક ચર્ચા : તૃપ્તી શેઠ<br>ચર્ચામાં ભાગ લેશે : નીતા હાર્ડીકર, પ્રતીભા ઠક્કર, શીલ્પા ગઢવી, ડો. સુષ્મા |
| ચર્ચા અને પ્રશ્નોત્તરી | ઐય્યર, જાગૃતી ઠક્કર |

સમાપન બેઠક : બપોરે ૦૨:૦૦ થી ૦૩:૦૦ સુધી
ચા નાસ્તો અને વીદાય : સાંજે ૦૩:૦૦ થી ૦૩:૩૦ સુધી

(૧) શીબીરમાં ભાગ લેવા માટે રૂપીયા ૧૦૦/- નોંધણી ફી રાખેલ છે.
(૨) નોંધણીની અંતીમ તારીખ ૨૦ જાન્યુ.આરી ૨૦૨૩ છે. અગાઉથી નોંધણી કરાવેલ સભ્યો જ ભાગ લઈ શકશે.
(૩) શીબીરાર્થીઓની સંખ્યા કુલ ૧૦૦ રાખવામાં આવી છે. શીબીરમાં પ્રથમ ૧૦૦ લાભાર્થીઓને વહેલા તે પહેલાના ધોરણે પ્રવેશ આપવામાં આવશે.
(૪) શીબીરાર્થીએ સ્વખર્ચે શીબીરના સ્થળે આવવા જવાનું રહેશે.
(૫) વધુ માહીતી માટે સંપર્ક : ૯૩૭૪૦૧૮૧૧૧
(૬) શીબીર બાદ રૂપીયા ૨૨૦૦/- થી વધુની કીંમતનાં પુસ્તકો વીનામુલ્યે આપવામાં આવશે.

RNI, Delhi, Regd. No. GUJ GUJ/2009/30348 Posted under Registration
License No. SRT-716/2022-2024 (with prepayment of posta

# સન્મુખભાઈ ગોવીંદજી પટેલને શબ્દાંજલી

**જન્મ : ૨૨–૩–૧૯૪૯** **નિધન : ૨–૧૨–૨૦૨૨**

આપણી સત્યશોધક સભાના પાયાના કાર્યકર ધનસુખભાઈ પટેલના ભાઈ સન્મુખભાઈએ આપણી વચ્ચેથી ચીરવીદાય લીધી. એમણે સુરતની એમ. ટી. બી.



આર્ટ્સ કોલેજમાં ઈન્ટર (અત્યારનું પ્રથમ વર્ષ) સુધી અભ્યાસ કર્યો હતો. ઘરની આર્થીક પરીસ્થીતીને કારણે એમણે અભ્યાસ છોડવો પડયો. ઘરના ખેતીકામમાં જોડાયા. દારુણ ગરીબીમાંથી બહાર નીકળવા પરીશ્રમ અને બુદ્ધીનો ઉપયોગ જ જરુરી છે તે તેઓ બરાબર સમજતા. એ પ્રમાણે એમણે કર્યું. આજે એમનું કુટુંબ બે પાંદડે સુખી છે. પોતાના અધુરા અભ્યાસને કારણે એમને શીક્ષણનું મહત્ત્વ બરાબર સમજાયેલું. આથી એમના નાનકડા વલણ ગામમાં અને આજુબાજુના વીસ્તારોની કેળવણી વીષયક સંસ્થાઓને એમણે યોગદાન આપ્યું હતું. એમને યુવાનો સાથે વાતો અને કામ કરવામાં ઉંમરનો બાધ કદી નડયો નહોતો. આથી યુવાનો સાથે રહીને એમણે ઘણાં સમાજોપયોગી કાર્યો કર્યાં. એમના નીધનથી આપણા ધનસુખભાઈ પર નવી જવાબદારીઓ આવી પડી છે. સન્મુખભાઈ માટે એમને ખુબ પ્રેમાદર હતો. આથી તેઓ શોકમગ્ન રહે તે સમજી શકાય તેવું છે. આપણે તો એ જ આશા રાખવાની છે તેઓ સ્વસ્થ બની પોતાના અને સન્મુખભાઈનાં કાર્યોને આગળ ધપાવે. **સૂર્યકાન્ત**

**માલીક સત્યશોધક સભા વતી મુદ્રક અને પ્રકાશક સુર્યકાન્ત શોભાગચંદ શાહે અગ્રવાલ ટ્રસ્ટ, રંગીલદાસ મહેતાની શેરી, ગોપીપુરા, સુરત–(ગુજરાત), ખાતે 'સત્યાન્વેષણ' છાપ્યું અને પ્રસીદ્ધ કર્યું. મુખ્ય સંપાદક : સુર્યકાન્ત શાહ**